સલામી સવારની..

સુપ્રભાતમ્

સુરેશ પ્રા. ભટ્ટ
99789-26251

વિશ્વ કુટુંબમાં સૌ એકમેકને ટેકે ટકે છે,
ને સુખદુ:ખમાં સૌ એકમેકની ઓથ ઝંખે છે,
છે ચકના આરા, બધાનું મહત્ત્વ એક સરખું -
ઐક્ય ખૂંચ્યું પંકે, ભાઈચારો સ્વાર્થના ડંકે છે
(ટ્રંપ-ચીન વેરા સ્પર્ધા)

હાઈકુ

ટૂંકી દૃષ્ટિથી
લોકચાહના માટે -
થયાં છે અંધ!
(પ્રાંતવાદનું ઝેર)

નિકળી જીભ!
દૈત્યોને મારી મારી
'મા' એ થાક્યાં...
(એક મારે, હજાર માલ્યા જાગે)

ચિંતન

હરિગુન ગાવે હરખ કે, હિરદે કપટ ન જાય,
આપન તો સમઝે નહીં, ઔર હી જ્ઞાન સુનાય.

ઉપરોક્ત સાખી કબીર બીજક ગ્રંથમાંથી લેવામાં આવેલ છે.

હરિના ગુણ ગાવા કે મોઢેથી પ્રભુનું સ્મરણ કરવાથી માણસ કંઈ મહાન ભક્ત બની ગયો એમ સમજવું નહીં. જેના હૃદયમાંથી કપટ ગયું નથી કે જેની ભક્તિમાં ભાવ નથી તેને મહાન કે પૂજ્ય કેમ ગણવો ?

આવા કપટી, દંભી અને અધૂરા જ્ઞાનવાળા બગભક્તોનો ઉપદેશ સાંભળી સામાન્ય માનવીઓ તેમાંથી શું શીખી કે સમજી શકશે ? માટે આવા કપટી લોકોને મહાન ગણી તેનાં ઉપદેશને આચરમમાં મૂકતા પહેલાં વિચારવું એવી શીખ કબીર આપવા માગે છે.

આપણામાં કહેવત છે ગાંડી સાસરે જાય નહીં ને ડાહીને શિખામણ દે આપણા નેતાઓ બધી જ બાબતમાં નિષ્ણાંત અને આદર્શ હોય છે બધા વિષયમાં ઉપદેશ આપવામાં સક્ષમ હોય છે.

સુવિચાર

- થાય શંકા જો મને મારા ઉપર, શાંત બેસી સાંભળું છું મારા મૌન ને - **દાન વાઘેલા**
- જીવન જબ તુમ્હેં સપના જૈસા દિખાઈ પડે, તમ સમઝના કિ માર્ગ પૂરા હુઆ હૈ - **ઓશો**
- જિંદગીની ગાગર ઉપર બેઠો સમયનો કાગડો, દિવસ-રાતના કંકર નાખી ઉંમરને પી રહ્યો .... ને માણસ સમજે છે, 'હું જીવી રહ્યો' - **એસ. ભટ્ટાચાર્ય**
- જો તમે પારદર્શક.... તો પ્રભુ માર્ગદર્શક - **શાહબુદ્દિન રાઠોડ**
- ખોટે ખોટા વ્હાલ કરતાં, સાચે સાચું વેર સારું, ભેળસેળિયા અમૃત કરતાં ચોખ્ખોચોખ્ખું ઝેર સારું - **જ્ઞાનદિપ**
- દિલ મોટું હશે તો ઘરનું કદ નહિ માપવું પડે, મન ખુલ્લું હશે, તો બીજું કશુંય ઢાંકવું નહીં પડે - **બી.એન. દસ્તુર**
- આજનું ઔષધ : અજમો અને સોના મુખીનું ચૂર્ણ નવશેકા પાણી સાથે લેવાથી કબજિયાત મટે છે

(સંકલન : દીપક વી. આશરા)

બોધકથા

મુલ્લા નસરુદ્દીન મર્યા પછી સ્વર્ગના દ્વાર પર પહોંચ્યા, ત્યારે ત્યાંના પહેરેદારે પૂછ્યું, 'ક્યાંથી આવો છો?' મુલ્લા 'પૃથ્વી પરથી' પહેરેદાર - આમ તો તમે નરકને જ લાયક છો પણ અહીંની નરકની વ્યવસ્થા પણ તમને સુખદ લાગશે. પણ તમે હમણા થોડા દિવસ સ્વર્ગમાં રોકાવ. પછી તમને નર્કમાં મોકલઈશું એટલે તમને નરકમાં દુ:ખ પ્રમાણમાં વધારે દુ:ખદ લાગશે.' એટલે મુલ્લાને થોડા દિવસ સ્વર્ગમાં રોકી લીધો. કારણ કે સુખ અને દુ:ખ સાપેક્ષ 'રિલેશન' છે. વધારે સુખ મળ્યા પછી આવતું દુ:ખ વધારે સતાવે છે. મુલ્લાએ કહ્યું, 'પણ મને સીધો જ નરકમાં જવા દો. ત્યાં જ જવાનું છે તો સ્વર્ગમાં શું કામ રોકો છો ?' દરવાને કહ્યું, 'ના, નરક તો તમને પૃથ્વી પરથી આવ્યા છો એટલે સ્વર્ગ જેવું લાગશે હમણા થોડા દિવસ સ્વર્ગમાં રહી સુખ ભોગવી લો પછી તમને નરકમાં મોકલીશું, જેથી તમને બરાબર સતાવી શકાશે.' આપણે જેને જિંદગી કહીએ છીએ તે એક લાંબી નરકની યાત્રા છે. એ નરકની યાત્રાનું મુખ્ય કારણ એ છે કે આપણું ચિત્ત આક્રમક છે. જેનું ચિત્ત બીજે ક્યાંય કેન્દ્રિત થયું હોય છે તે હંમેશા આક્રમક હોય છે, જેનું ચિત્ત પોતાનામાં જ કેન્દ્રિત થયું હોય છે તેનામાં આક્રમકતા બચતું નથી. એવા ચિત્તમાં પ્રતિક્રમણ સધાય છે. પ્રતિક્રમણની યાત્રા સંલીનતામાં ડૂબાડે છે.

ભાજપ માટે વિવાદ ભારે પડશે

તંત્રીસ્થાનેથી...

ભારતીય જનતા પાર્ટીએ એની પિતૃસંસ્થા રાષ્ટ્રીય સ્વયંસેવક સંઘની જેમ, વારંવાર અભિગમ બદલવાની કૂટનીતિ અપનાવી પ્રજાને ભ્રમમાં રાખવામાં આજ પર્યંત સફળતા હાંસલ કરી છે. ૧૯૨૫માં સ્થપાયેલ રાષ્ટ્રીય સ્વયંસેવક સંઘ મૂળે સ્વર્ણ હિંદુઓની હિતરક્ષક સંસ્થા હતી. એને બિન હિંદુ પ્રજા પર સખત નફરત હતી અને પાકિસ્તાન બનાવનાર ઝીણાની માગણી મુજબ મુસલમાનોએ પોતાના દેશમાં અર્થાત્ પાકિસ્તાન ચાલ્યા જવું જોઈએ એવાં નિવેદનો સંઘના અનેક નેતાઓ ઉપરાંત એની રાજકીય શાખા જનસંઘના અગ્રણીઓ આપતા રહેતા હતા. કાળક્રમે મુસલમાનોની નિર્ણાયક મતસંખ્યા જોઈ આ વલણ નરમ પડતું ગયું છે. છેલ્લે વર્તમાન સંઘ વડા મોહન ભાગવતના યુ - ટર્ન સાથે ભાજપને સત્તા પર ટકાવી રાખવા મુસલમાનોના સમર્થનની પણ જરૂર છે તેની પ્રતીતિ થયા વગર નથી રહેતી. મિસાઈલમેન એપીજે અબ્દુલ કલામને રાષ્ટ્રપતિ બનાવ્યા પછી કેટલાક મુસ્લિમ ચહેરાઓને પોતાની પાંખમાં લેવાની ઝુંબેશ ચાલી જેમાં છેલ્લે 'એશિયન એજ'ના તંત્રી અને વરિષ્ઠ પત્રકાર એમ.જે. અકબરને પાર્ટીનો દુપટ્ટો પહેરાવી દઈ કેન્દ્રીય રાજયમંત્રી બનાવી દેવાયા. અકબરની છાપ પત્રકાર જગતમાં ધુરંધર તરીકે હોઈ કોંગ્રેસ કે ડાબેરી પાર્ટીઓ માટે એમનું મોદીના નેતૃત્વને સાંપડેલું ખુલ્લું સમર્થન એક આંચકા સમું સાબિત થયું હતું. અકબર સંસદમાં પણ ભાજપના રાષ્ટ્રવાદ ઉપરાંત ઈસ્લામિક આતંકવાદ જેવા મુદ્દાઓ પર એક રાષ્ટ્રીય નેતાને છાજે એવા નિવેદનો આપતા રહ્યા છે. અકબરે અગાઉ ગોધરા પછી ગુજરાતના હિંસક બનાવોની કડક ટીકા કરી હતી અને ૨૦૧૪ની લોકસભા વખતે સીધા જ મોદીના ખોળામાં બેસી ગયા હતા. અકબર સામે આજે શરૂ થયેલી 'મી ટુ' ઝુંબેશ એમના રાજકીય અસ્તિત્વ સામે તો જોખમરૂપ છે જ; સાથે જ ભાજપના નેતૃત્વવાળી કેન્દ્ર સરકાર માટે એ ગળાની ફાંસ બની ગયા છે, તેની પણ નોંધ લેવી જ રહી. સુષમા સ્વરાજ સાથે વિદેશયાત્રાએ ગયેલા રાજયકક્ષાના વિદેશમંત્રી નાઈજિરીયા જઈને સ્ત્રીઓના સન્માનની ઊંચી ઊંચી વાતો કરે છે; એમની વિરુદ્ધ થતા રહેતા અત્યાચારો સંદર્ભે કડક વલણ અપનાવવાની રજૂઆત કરી મહિલાઓના અધિકારોના પ્રવક્તા બની જાય છે. પરંતુ એમની પત્રકાર તરીકેની કારકિર્દી દરમિયાન એમણે અનેક મહિલાઓ સાથે કરેલી બદસલૂકીનો પર્દાફાશ થઈ રહ્યો હોવા છતાં એ મુદ્દે ચૂપ છે. બધા જાણે છે કે વર્ષો પછી થઈ રહેલા આવા આરોપો સાબિત કરવાનું ઘણું અઘરું છે. અદાલતો પણ પુરાવા માગતી હોય છે એન લાચારીથી વશ થઈ ગયેલી સ્ત્રી પાસે આટલાં વર્ષો પછી એના આક્ષેપો સાબિત કરી શકે એવા કોઈ પુરાવા નથી હોતા. આલોકનાથથી લઈ નાના પાટેકર અને સુભાષ ઘાઈ કે સાજિદ ખાન અને આપણા વિદેશ રાજયમંત્રી એમ.જે. અકબર પાસે અદાલતમાં જઈ પાક-સાફ થઈ જવાનો રસ્તો છે જ. અમિત શાહથી લઈ મોહન ભાગવત સુધીના હિંદુત્વવાદીઓ અકબર સામે એકશન લેવા માગતા હોય તો પણ મોદીનું વલણ જાણ્યા વગર નહીં લઈ શકે. અકબરને પાણીચું પકડાવવાથી ભાજપને નુકશાન કરતાં લાભ થવાની સંભાવના પણ નકારી શકાય એમ નથી. આથી જો એની હિંદુત્વવાદી ઈમેજ વધુ મજબૂત બને તો રાહુલ ગાંદીના સૉફ્ટ હિંદુત્વને જ ધક્કો પહોંચશે !

તહેવારોની ઉજવણીમાં દરમિયાન સ્વાઈન ફ્લુથી બચવું જોઈએ

તન દુરસ્તી

મહેન્દ્ર ગજજર
ડૉ. દિનેશ રાઠોડ

અરે ઓ શોભનાબેન, નવરાત્રી આવશે આવશે કરતા કરતા ચોથું નોરતું આવી ગયું... એ... આખું ગામ, આખું રાજય હિલોળે ચડ્યું છે. માતાજીની ભક્તિમાં રસતરબોળ થઈ ગયું છે. માતાજીના ભક્તો જેને માતાજી પર પૂરેપૂરી શ્રદ્ધા છે. એ બધા જ માતાજીની આરાધના કરવા માટે પોતાનું દેહભાન ભૂલી માતાજીને રાજી કરવા સખત પ્રયત્નો કરે છે. જેમ કે, ઉપવાસ કરવા, ખાલી દૂધ અને પાણી પર જીવવું, સામે વાળા શંકરભાઈ માતાજીની ભક્તિ માટે નવેનવ દિવસ પાણી પર રહે છે. સતત માતાજીની માતા ઉતારે ઓછે, માતાજીનું ધ્યાન ધરે છે. શોભનાબહેને કહ્યું હું શંકરભાઈને જઈને મળી આવી એમને પૂછ્યું પણ ખરા કે શંકરભાઈ તમે ઉપવાસ શેના માટે કરો છો? ત્યારે શંકરભાઈએ જવાબ આપ્યો... મારા ઉપવાસથી જો માતાજી રાજી થાય તો મારા ઘરને, મારા ઘામને, મારા રાજયને અને દેશને સુખસંપત્તિ આપે. કોઈ રીતે પણ દુનિયાના કોઈ પણ માનવીને તકલીફ ન પડે એવી રીતે શાંથિથી જીવન જીવે અને માતાજીની ભક્તિ કરે. માતાજી એટલે શું ? કમુથી રહેવાયું નહીં.

કેટલા બધા માતાજી અંબાજી માતા, કાલીકા માતા, બેચર માતા, સિદ્ધેશ્વરી માતા, શીતળા માતા, ખોડીયાર માતા અને અસંખ્ય... તો આમા કયા માતાજી સાચા, આમાંથી કયા માતાજી મદદ કરે છે. કોનો પાવર વધારે છે. કોણ વધારે શક્તિશાળી છે. બોલો શોભનાબેન તમે એ વિષે શું કો છો ? શોભનાબેને કહ્યું અરે કમુ તુ બહુ ભોળી છે. તારા ઘરે છોકરા ઘેર છોકરા આવ્યા છતાં પણ તું ૮-૧૦ વર્ષની છોકરી જેવા પ્રશ્ન પૂછે છે. કમુબેન માતાજીના નામ અસંખ્ય છે. તમે નામમાં ન જાવ, માતાજીની શક્તિ એક જ છે. માતા એક જ છે. તમે ગમે તે નામથી બોલાવો પણ એ શક્તિનું બીમ એક જ છે અને જયારે પણ મનુષ્ય જાતને તકલીફ પડે છે ત્યારે આ જ માતા માનવ જીવન માટે વરદાન બનીને આગળ આવે છે. તમે ગમે તે નામે પોકારો તમારી શ્રદ્ધા હોય તે માતાનું નામ લો છતાં પણ માતાની શક્તિ એક જ છે અને એટલા જ માટે નવરાત્રીના નવ દિવસ માતાજીની આરાધના કરીને મનુષ્યો અથવણે માનવ જાત માતાજીના આશીર્વાદ ગ્રહણ કરે છે. કમુ બહેનથી હજી પણ રહેવાયું નહીં.

આ નવરાત્રીના બહાના હેઠળ શેરી ગરબા, ગામ ગરબા, રાજય ગરબા અને હમણાથી તો પાર્ટી પ્લોટ ગરબા ઊભા થયા છે. આમા તો લોકો માતાજીના નામે ધંધો તો નહીં કરતા હોય?? આખું ગામ અડધી રાત સુધી જાગતું હોય છે અને છોકરા-છોકરીઓ બગડવા માટે માધ્યમ પૂરું પાડે છે. શોભનાબેનથી રહેવાયું નહીં. અરે કમુ, આગળની વાત નાના છોકરા જેવી કરી અને હવેથી વાત કંકેયી જેવી હલકી વાત કરી.

આવું ના હોય કમુ, એમાં પણ માતાજીની ભક્તિ છે. ગરબા ગાઈને પણ માતાજીની ભક્તિ થઈ શકે. શોભનાબેને કહ્યું, તારે કંઈક બોલવું હોય તો એમ કહે કે અત્યારે વાતાવરણ ખરાબ છે. સ્વાઈન ફ્લુ ચારે બાજુ હાહાકાર મચાવી રહ્યો છે ત્યારે રાત્રે એક કરતાં અસંખ્ય માણસોની હાજરીથી જેને સ્વાઈન ફ્લુ થયો હોય તે ફેલાવાની શક્યતા વધારે રહે છે. એટલે આવી બધી તકલીફોના હિસાબે કદાચ ગરબામાં જવાનું આપણે ટાળવાનું મન થાય.

હવે કમુબેનથી રહેવાયું નહીં. શોભાબેન આપણી વાત તો જુદી છે પણ હજારોની સંખ્યામાં લોકો છોકરાઓ-છોકરીઓ જે ગરબા ગાવા જાય છે તેમનું શું ??

શોભનાબેને કહ્યું... હં.... હવે બરાબર સવાલ પૂછ્યો... હવે તને હું જવાબ આપું. સ્વાઈન ફ્લુ વધારે પ્રમાણમાં અત્યારે લોકોને થઈ રહ્યો છે. ધ્યાન રાખવા જેવી બાબતો શું ?

- વધારે પડતા ટોળામાં ભેગા ન થવું. અને જો ટોળામાં ભેગા થયા હોવ તો બને ત્યાં સુધી કોઈને હાથ ન મીલાવો. અને જો કદાચ હાથ મીલાવા જેવી પરિસ્થિતિ સર્જાય તો બે હાથ જોડી વંદન કતરો.
- ખિસ્સામાં સેનેટાઈઝર રાખો જેનાથી વારંવાર હાથ સાફ કરો.
- બને ત્યાં સુધી જેને પણ ઉધરસ - શરદી થઈ હોય એની બાજુમાં ન જાવ, મોંઢા પર રુમાલ બાંધી રાખવાની સલાહ એમને આપો.
- ઉધરસ અથવા છીંક રૂમાલમાં જ ભેગી કરવી.
- શક્ય હોય તે સ્વાઈન ફ્લુની વેક્સીન લઈ જ લેવી જોઈએ. જેમાં ડૉકટરની સલાહની પણ જરૂર નથી.

આ સિવાય શું ધ્યાનમાં રાખવું જોઈએ શોભનાબેન ? કમુએ પૂછ્યું, શોભનાબેને કહ્યું, આદુ, લીંબુ, મીઠું અને હળદરનો રસ રોજ સવારે પીવો. તુલસીના પાન અરડૂસીના પાન રોજ ચાવવા, કપુર તમારી આજુબાજુ રાખવું. સ્વાઈન ફ્લુનો ટેસ્ટ હવે થઈ શકે છે. પણ બધી લેબેરેટરીવાળાનો આ ટેસ્ટ કરવાની મંજૂરી મળી નથી. ગર્વમેન્ટના નિયમો મુજબ દાખલ પેશન્ટના જ સ્વાઈન ફ્લુના ટેસ્ટ થઈ શકે છે. જેને કેટેગરી સી માં મૂકવામાં આવે છે.

કમુ બોલી ઘણું બધું કહેવાઈ ગયું. શોભનાબેન તારી પાસે જ્ઞાન તો બહુ જ છે પણ હવે મારે ઘરે રસોઈ કામ છે. હું જઉં...

જય માતાજી...

નવરાત્રી : નારી શકિત અને ભકિતનું પાવન પર્વ

મોરપીંછના રંગ

ડૉ. કનૈયાલાલ ભટ્ટ

નવરાત્રી એટલે ગુજરાતી સંસ્કાર અને સંસ્કૃતિની ઓળખ, પરંપરામાં પ્રગટતું પાવન પર્વ, ધર્મ, શ્રદ્ધા, શકિત, ભકિત અને ઉપાસનાનું પર્વ. વૈદિક, આધ્યાત્મિક, ધાર્મિક અને આધૂનિકતાનો સંગમ. નવરાત્રી એટલે ઉત્સાહ, ઊર્જા, ચેતના, સપના, સૌન્દર્ય અને આરતીનો મહોત્સવ. નવરાત્રી એટલે ગુજરાતી કલા, સંગીત, સાહિત્ય, અને આંતરિક આરાધનાની વૈશ્વિક ઓળખ.

નવરાત્રીનું અનેક રીતે આપણા જીવનમાં મહત્વ છે. અસત્ય સામે સત્યનો વિજય, નકારાત્મકતા સામે સકારાત્મકતાની જીત. રામ - રાવણનું નવ દિવસ ચાલેલું ધમાસાન યુદ્ધ, વેદ, વિજ્ઞાન અને વાસનાની પ્રતિમૂર્તિ સમાન વિરાટ વ્યકિતત્વ રાવણનો અંત, અહંકાર અને ઈચ્છાઓનો મોટો પહાડ, આમ છતાંય સત્યના હાથે પરાજય. અને એ પણ એક નારીને કારણે. નારી શકિતને એણે પડકારી જેનું પરિણામ આવ્યું વિનાશ.

આ નવરાત્રીનું વૈજ્ઞાનિક રીતે પણ મહત્વ છે. આ આસો મહીનો એટલે પરિવર્તનનો મહિનો. અને થોડો ભારે પણ છે. બ્રહ્માંડના કેટલાક ગ્રહોમાં સૂર્ય, ચન્દ્ર, પ્રુથ્વીની ભ્રમણકક્ષામાં સૂક્ષ્મ રીતે ફેરફારો થાય છે. અને આ ગતિ પરિવર્તન આપણા મન સાથે જોડાયેલ છે. આ સમય ભારે હોવાથી તપ, ભકિત, આરાધના, સાધના, પૂજા વગેરે થાય છે. ઉપવાસ અનુષ્ઠાન વગેરે થાય છે. અને આ બધી સકારાત્મક ઊર્જાથી પૃથ્વી ઉપર આવનાર સંકટ આપોઆપ ટળી જાય છે. જે મનમાં ઉદ્વેગ, આવેશ, અહંકાર, અવરોધ કે આતંક જેવા દૂર્ભાવો ભરેલા છે તે સઘળું આ નવ દિવસ અનુષ્ઠાન કે આરાધના કરવાથી નાશ પામે છે. અને મનને નવી ઊર્જા, નવા વિચાર, નવી સફળતા મળે છે. આવી એક ધાર્મિક અને વૈજ્ઞાનિક માન્યતા પણ સિદ્ધ થયેલી છે.

આ નવરાત્રી આમ જોઈએ તો નારીપર્વ છે. જેને દેશભરમાં વિવિધ રીતે ઉજવવામાં આવે છે. બંગાળ અને પૂર્વોત્તરના રાજયોમાં દશેરાએ થતી દૂર્ગાપૂજા ત્યાનો ખુબ જ મોટો ઉત્સવ છે. શાસ્ત્રોમાં વર્ણિત ૫૧ શકિતપીઠોમાં આ નવરાત્રી દરમિયાન ખુબ ધામધૂમથી ભકિત, પૂજા, આરાધના, સાધના અને અનુષ્ઠાન ઉજવવામાં આવે છે. મા પાર્વતીના શરીરના ૫૧ ટૂકડાઓમાંથી ઉદભવેલ ૫૧ શકિતપીઠોની શ્રદ્ધા ભકિત અને ઉપાસનાથી ઊર્જિત થતી નારીશકિતની ચેતનાથી સમગ્ર સંસાર ઉજ્જવળ બને છે.

ગુજરાતી સંસ્કૃતિમાં આ ઉત્સવ ગરબા અને - દાંડિયાનો મહાકૂંભ, પવિત્રતાનું પ્રાગટ્ય, મા શકિત, મા દૂર્ગાનું ચાચરના ચોકમાં થતું સ્થાપન, અને રાતભર મંડપ નીચે ગવાતા ગરબા આખા શહેરને નકારાત્મક ઊર્જાથી મૂક્ત કરે છે. ગરબે રમતા પ્રત્યેક સ્ત્રી - પુરુષના મનને એક પ્રકારની નવી ઊર્જા મળે છે. જીવનના સઘળા દુ:ખ, દર્દ, સમસ્યાઓ, પ્રશ્નોથી ચિંતામૂક્ત થાય છે. આ નવ દિવસ પ્રત્યેક ઘરમાં સ્ત્રીઓ પૂજા ઉપાસના, ઉપવાસ, અનુષ્ઠાન કે ભકિત કરીને પરિવારનું કલ્યાણ ઈચ્છે છે.

પરંતુ હવે આ ૨૧મી સદી છે. આ નવરાત્રીનું સ્વરૂપ અને શૈલી બદલાયા છે. એમાં ભકિત અને આધ્યાત્મિકતાની સાથે ભોજન અને આધૂનિકતા ભળ્યા છે. કેટલીક જગ્યાએ પરંપરિત રીતે યોજાતી ગરબીઓને બાદ કરતા આજે નવરાત્રી ફેશનનો મેળો બની ગઈ છે. આધુનિકતાના રંગોએ આપણી ભકિત અને શ્રદ્ધાના રંગોને થોડા ઝાંખા પાડી દીધા છે. ફેસબૂક અને વોટ્સપ જેવા માધ્યમોએ આ આખી પરંપરાને ડહોળી નાખી છે. આજની ભકિતમાં ભૌતિકતા ભળી છે. શ્રદ્ધામાં સ્વાર્થ ભળ્યો છે. પવિત્ર પર્વમાં અંગ પ્રદર્શનનું મહત્વ વધ્યું છે. આજે નવરાત્રીને મોજ, મસ્તી, મજા, મનોરંજન અને મેળાનો તહેવાર માનવામાં આવે છે. ભકિત અને શકિતની શ્રદ્ધા માત્ર સોશીયલ મિડીયા ઉપર જ જોવા મળે છે. પરંપરિત પવિત્ર માનો ચાચરચોક આજે કલબોમાં, પાર્ટી પ્લોટોમાં અને વિશાળ હૉલમાં પરિવર્તિત થઈ ગયો છે. ઘણી જગ્યાએ તો ગરબી જ નથી હોતી, તો ક્યાંક માતાજીનો નાનો એવો ફોટો કે ક્યાંક અખંડ દીવો પણ જોવા નથી મળતો. તો વળી ઘણી જગ્યાએ ગાવા ખાતર પાંચ ગરબા ગાઈને માતાજીની આરતી કરીને પ્રસાદ વહેંચીને માતાજીને સુવડાવી દેવાય છે અને પછી શરું થાય છે. ડિસ્કો, ડી. જે. ડાન્સ -ગરબા, અભદ્ર ગરબાઓનું અને દેહનું પ્રદર્શન, આખી આખી રાત પોતાના દેહનું પ્રદર્શન કરતી યુવા પેઢી આપણી સંસ્કૃતિનું વસ્ત્રાહરણ કરતી જોવા મળે છે. ગરબાને નામે ગવાતા આધુનિક ફ્રી અર્થી ગીતો વગાડીને આખા સમૂહને ઉશ્કેરવામાં આવે છે. વિચિત્ર પ્રકારના નૃત્યની સૂરાવલિઓમાં આજનું યૌવન અતિઉત્સાહિત થઈને સાનભાન ગૂમાવે છે અને આમ પછી અનેક પ્રકારની દૂર્ઘટનાઓ ઘટે છે, યુવતિઓ સાથે દૂર્વ્યવહાર થાય છે. આ આખી ધાર્મિક પરંપરાને આજે વ્યાવસાયિક રૂપ આપી દેવામાં આવ્યું છે.

આમ છતાંય આ નવરાત્રી નારીશકિતનું પવિત્ર પાવન પર્વ છે જે નારી આપણા ઘરમાં માતારૂપે, બહેન, પત્ની કે દીકરી રૂપે રહે છે જેના દ્વારા પુરુષનું પૌરુષત્વ પોષાય છે. જે નારી આખા ઘરની, પરિવારની, પેઢીની કે પુરુષની પ્રતિષ્ઠાને ગૌરવ બક્ષે છે, પરિવારના પુરુષોને પોષે છે એ નારીત્વ નવ દિવસમાં પોતાની અંદરની ઊર્મિઓને માના ચરણોમાં ભકિતરૂપે કે શ્રદ્ધારૂપે વહાવે છે. જેને આપણે સૌએ સન્માન આપવું જોઈએ. આ દિવસોમાં દરેક નારી એક શકિતનું સ્વરૂપ હોય છે. એના નારીત્વની એક ગરિમા હોય છે. કેમ કે ચાચર ચોકમાં મા દૂર્ગા - શકિતનું નારીરૂપ સ્થાપિત હોય છે અને ગરબે પણ નારી ઘૂમે છે જેમાં મા દૂર્ગા - શકિતનો વાસ હોય છે. ગરબા પણ નારી કંઠે ગવાય છે. આ એક જ પર્વ એવું છે કે જ્યા નારી ગરિમા અને તેજસ્વીતા સામે પુરુષ વામણો પુરવાર થાય છે. નવરાત્રીમાં નારીના નવ રૂપ જોવા મળે છે. એમાં નારી સૌન્દર્યની તેજ ધારામાં વહેતો લય એને કામરૂપા બનાવે છે. મંદિરના ગોખમાં પ્રગટતા દીવાની જ્યોત જેવી ઝળહળતી, માથે દીવડો લઈને ગરબે ઘૂમતી નવયૌવનાની ઊર્જા આખા ચાચર ચોકને પવિત્ર બનાવે છે.

માથે ગરબા મૂકીને ગાવાની પરંપરા હવે વિસરાતી જાય છે. ક્યાંક માત્ર સ્પર્ધાઓમાં કે કાર્યક્રમોમાં જોવા મળે છે. અરે હવે તો ગરબા જ વિલીન થઈ રહ્યા છે. ધીમે ધીમે દાંડિયા પણ વિલીન થઈ રહ્યા છે. બસ માત્ર હાથ, કમર, પગ અને ફિલ્મી ઢબે શરીરના અંગવળાંકોથી સૌ કોઈનું ધ્યાન આકર્ષિત કરવાની કળાનો વિકાસ આ નવરાત્રીને કલંકમય બનાવે એ પહેલા આપણે સૌએ જાગવાની જરૂર છે. નહિતર મસ્તીના નામે આપણા ઘર સુધી મુશ્કેલીઓ આવતા વાર નહીં લાગે.

ગુજરાતની ધીંગી ધરા ઉપર ઉજવાતી નવરાત્રી ઉમંગ, ઉત્સાહ, આનંદનો મહોત્સવ છે. તહેવાર છે. સૂર, તાલ, લય અને સંગીતના સંગમ સમો આ તહેવાર છે. કેટલાય યુવા હૈયાઓમાં પ્રણયના પુષ્પો ખિલવતો આ મહોત્સવ ગુજરાતી સંસ્કૃતિને વિશ્વ સામે રજુ કરે છે. માટે આજની યુવાપેઢીએ. ક્લબોએ, પાર્ટીઓએ, મંડળોએ અને આપણે સૌએ આ નવરાત્રીના ઉત્સવને આપણી ગુજરાતી સંસ્કૃતિનું ગૌરવ વધે એ રીતે એની ઉજવણી કરવી જોઈએ.

આ નવરાત્રીમાં આપણી આપણા દેહ, ધન, વૈભવ કે કલાશકિતનું પ્રદર્શન નહી પણ ભકિત, આસ્થા, અને શ્રદ્ધાનું દર્શન કરવાનું છે. આ બાબતો ધ્યાનમાં રાખીને નવરાત્રી ઉજવીશું તો આપણી ધરતીની, સંસ્કારની, પ્રેમની, ધર્મની સંસ્કૃતિનો સૂર્ય વિશ્વભરમાં ક્યારેય આથમશે નહીં.

- 9426060601.india@gmail.com

મી ટુ... યુ ટુ ?!

રઝળપાટ

અજય ઉપાધ્યાય
akurjt@gmail.com

કહેવત છે ને કે 'બાર વર્ષે બાવો બોલ્યો કે જા બચ્ચા અકાલ પડેગા ''...અહી બાવો તો નથી બોલ્યો પણ વાત અકાલ શું પણ ભૂચાલ, ધરતીકંપ, સુનામી આવી જાય એવી છે...!! બાવાની જગ્યાએ બેબી અને અમુક તો બેબીયું ની માઓ એ પણ અત્યારે હેશટેગ મી ટુ ના હથિયારથી એવો ભયંકર હાહાકાર મચાવી દીધો છે કે ભલભલા કહેવાતા પ્રતિષ્ઠિત લોકો પણ 'અપને હી ઘર મેં ગભરાયે ગભરાયે ફિરતે હૈ...! સંસ્કારીથી લઈને રાજનેતા અને પ્રોડ્યુસરથી લઈને અભિનેતા સુધીના લોકો (પુરુષો ઓન્લી), ગાયકથી લઈને પત્રકારો અને લેખકો સુધીના અત્યારે એની હડફેટે આવી ગયા છે. આ તો હજુ શરૂઆત છે, આમાં આવનારા દિવસોમાં મોટા કડાકા-ભડાકા થવા શક્ય છે.પોતાના પર થયેલા સેક્સ્યુલ કાંકરીચાળાની ભોગ બનનાર મહિલા કે યુવતી ફરિયાદ કરી રહી છે, એ પણ છેડચોક...ડંકે કી ચોટ પર...! અને આ ડંકા વગાડવાનું પ્લેટફોર્મ પૂરું પાડ્યું છે સોશિયલ મીડીયાએ. આમેય સોશિયલ મીડિયામાં કોઈ પણ સમાચાર આગની જેમ ફેલાઈ જતા હોય છે જ્યારે આ તો કોઈ પ્રતિષ્ઠિત, સોશિયલી આબરૂદાર લોકોના નામજ આવે છે એટલે સ્વાભાવિક લોકોને વધુ રસ જાગે જ..!

આમેય જનરલી લોકો અનેકો ચહેરા ઓઢીને જીવતા હોય છે એવામાં કોઈ એક કદરૂપો ચહેરો બહાર આવે એટલે એની ચર્ચા થવી સ્વાભાવિક છે જ. વાત છે મી ટુ ક્મ્પેઈનની. 'ધ ગાર્ડિયન ' ના એક અહેવાલ મુજબ ૨૦૦૬મા તરાના બર્ક નામની સામાજિક કાર્યકર્તાએ યૌન ઉત્પીડનથી ત્રસ્ત મહિલાઓને મદદ કરવા માટે મીટુ શબ્દનો પહેલીવાર ઉપયોગ કરેલો પણ એને વધુ વેગ મળ્યો ૨૦૧૭મા.આજથી એકાદ વર્ષ પહેલા અમેરિકામાં હોલીવુડ પ્રોડ્યુસર હાર્વે પર અભિનેત્રી એલીસા મિલાને સેક્સ્યુલ એસોલ્ટના આરોપો લગાવેલા અને આ આરોપોને બળ મળે એટલે અને એના જેવી જ બીજી પીડીતાઓ ખુલીને બહાર આવે ખાસ કરીને કામકાજના સ્થળોએ થયેલા દુર્વ્યવહાર બહાર આવે એ માટે ઈમીટુ હેશટેગ સાથે આવી પીડીતાઓને જાહેરમાં આવીને બિન્દાસ રીતે સોશિયલ મીડિયામાં એણે ભોગવેલી તકલીફો પ્રગટ કરવાનું આહ્વાન કરવામાં આવેલું. એલીસાના આ ટ્વીટે આખી દુનિયામાં ખળભળાટ મચાવી દીધો અને જોતજોતામાં અનેકો મહિલાઓએ પોતાના પર થયેલા જાતીય દુર્વ્યવ્હારને સમાજ સામે જાહેર કરી દીધો. જો કે જુદા જુદા દેશોમાં હેશટેગ અલગ અલગ પણ રખાયો જેમકે ફ્રાન્સમાં **#balancetonproc** તો બીજે **#Womenwhrooar** હેશટેગથી પીડિત મહિલાઓને પોતાની આપવીતી જગજાહેર કરવાનું આહ્વાન કરાયું પણ ઈમીટુ વધુ લોકપ્રિય થયો.

ખેર ભારતમાં પણ મીટુ ક્મ્પેઈનની અસર એ વખતે પણ થયેલી પણ કદાચ અત્યાર જેટલી નહી, અથવા તો લોકોએ વધુ ગંભીરતાથી લેવાને બદલે એક રોચક વાત તરીકે જ લીધેલી પણ હાલમાં બહાર આવેલી નવી વાતો મુજબ અત્યારે આ મીટુ ક્મ્પેઈન જોરમાં છે અને કેકના છુપા ચહેરાઓ ઉઘાડી પડી ગયા છે. બીબીસીની રિપોર્ટર શાયમાંએ ૧૧ વર્ષની ઉમરમાં થયેલા દુર્વ્યવ્હાર વિષે તો તારક મહેતાના બબીતાજી મુનમુને પણ આવો જ એક જુનો દુખદ પ્રસંગ સાર્વજનિક કર્યો અને આ સિવાય પણ ઘણી મહિલાઓએ પોતાના કામકાજના સ્થળોએ હાલમાં કે આગાઉ થયેલા દુર્વ્યવહારને સરાજાહેર કરી દીધો. અમેરિકા તો અતિ આધુનિક દેશ હોવા છતાં પણ હાર્વેના બનાવ પછી અનેકો અભિનેત્રીઓએ કરેલા આરોપો જાણીને ચોંકી ગયો તો પછી હજુ પણ સ્ત્રીઓ બાબતે પછાત અને હલકી માનસિકતા ધરાવતા ભારત માટે તો આ બનાવો હચમચાવનાર જ કહેવાય.

કામકાજના સ્થળે અને અંગત લોકો દ્વારા મહિલાઓની શારીરિક છેડછાડ કે બલાત્કાર જેવી ઘટનાઓ આયે દિન આપણા વર્તમાનપત્રોની હેડલાઈન બનતી જ હોય છે પણ જ્યારે આ વાત કોઈ કહેવાતા સજ્જન કે પ્રતિષ્